

તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે ગરમીથી બચવા માટે નવા નવા પ્રયોગો કરાઈ રહ્યા છે.

### અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર

# બસ-કાર ધડાકા સાથે ટકરાતા ચારના મોત

## ગમખ્વાર દુર્ઘટનામાં અન્ય પાંચ લોકો ઘાયલ : એકાએક ટાયર ફાટતા બનાવ બન્યો : મૃતકોની ઓળખવિધિ થઈ

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બસ-કાર વચ્ચેના ગોઝારા અકસ્માતમાં ગંભીર ઈજા બાદ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે પાંચને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

હાઈવે પર પસાર થઈ રહેલી કારનું એકાએક ટાયર ફાટતા કારચાલકે કારને સાઈડમાં લેવાનો પ્રયાસ કરી રહ્યો હતો તે વેળાં પાછળથી પૂરઝડપે આવી રહેલી બસ કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અને કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, આજે સવારે અમદાવાદ-વડોદરા હાઈવે પર મહેમદાબાદ તાલુકાના હાજીપુરા પાટીયા પાસે કાર પસાર થઈ રહી હતી તે દરમિયાન કારનું અચાનક ટાયર ફાટી ગયું જેના પગલે કારચાલકે કારને સાઈડમાં લેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો ત્યારે પાછળથી આવી રહેલી ખાનગી બસના ચાલકે કારને અટફેટે લીધા. આ અકસ્માતમાં ધર્મેન્દ્રભાઈ ગૌરીચંદ્ર ભોજક, લીલાબેન ગૌરીચંદ્ર ભોજક, ભાનુબેન ચંદ્રકાત ભોજક, સુરલબેન બળવંતભાઈ ભોજકના ઘટના સ્થળે





જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતા જ્યારે જય બળવંત ભોજક (ઉ.૧૨) ચંદ્રકાંત ભોજક (ઉ.૪૦), રાહુલ ચંદ્રકાત ભોજક (ઉ.૨૫), સેજલ બળવંત ભોજક (ઉ.૧૭), નેહલ ચંદ્રકાંત ભોજક (ઉ.૧૫)ને ગંભીર ઈજા પહોંચતા નજીકની નડીયાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદમાં તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. આ લોકો સુરત શહેરના અડાજણ પાટીયા વિસ્તારના ભોજક પરિવારના છે જેઓ મહેસાણાના વડગામ ખાતે એક શુભપ્રસંગમાં જઈ રહ્યા હતા. હાલ આ મામલે પોલીસે ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ધંધુકા અને આસપાસના વિસ્તારોમાં હવામાનમાં પલટો

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે ત્રીજા દિવસે પણ હવામાન પલટાયુ હતુ અને કમોસમી વરસાદ થવા પામ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. કેટલાક વિસ્તારોમાં ઉકળાટ સાથે કાળઝાળ ગરમી પડી રહી છે તો કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે.

આજે ધંધુકા અને આસપાસના વિસ્તારોમાં હવામાનમાં પલટો આવવા પામ્યો હતો અને ધૂળની ડમરીઓ સાથે કમોસમી વરસાદના ઝાપટા પડવા પામ્યા હતા. અમદાવાદમાં પણ સાંજે હવામાન પલટાયું હતું અને ધૂળની ડમરીઓ ઉડવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં પણ આજે દિવસ દરમ્યાન ભારે ગરમી પડવા પામી હતી. જો કે સાંજે એકાએક હવામાન પલટાયુ હતુ અને વાદળછાયુ વાતાવરણ થતાં ઠંડો પવન ફુંકાતો હતો અને વરસાદી વાતાવરણ બંધાયુ હતુ.

છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના હવામાનમાં બે ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. ભર ઉનાળે આ વખતે રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની વણઝાર ચાલુ રહેવા પામી છે.

## આજે સે. ૨-ડીમાં સુંદરકાંડ પાઠ યોજાશે

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ પાઠ આજરોજ બુધવાર રાત્રે ૮.૦૦ વાગે કાંતિભાઈ યોગીની વ્યાસપીઠે ધીરજલાલ પી. સંઘાણીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૭૧૨/૧, સેક્ટર-૨-ડી, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જેમાં ભાવિભક્તોને લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

# નવા મુખ્યમંત્રીના નામની પસંદગી ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડ કરશે

## ધારાસભ્યોને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઓમ.માથુરે સંબોધન કર્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના નવા મુખ્યમંત્રીની પસંદગી અંગેનો નિર્ણય ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા લેવામાં આવશે એમ પ્રદેશ ભાજપ પ્રવક્તાએ જણાવ્યું હતું.

લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળે તેવા સંકેત બાદ હવે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તો તેમના ઉત્તરાધીકારી કોણ તે અંગે અનેક નામોની અટકળો વહેતી થવા પામી છે.

આજે ગાંધીનગરમાં સ્વર્ણિમ



સંકુલ ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ભાજપના ધારાસભ્યોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રભારી ઓમ માથુર, પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ પ્રદેશ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં રાજ્યની ભાવી રણનીતિ અને વિકાસ કામો અંગે ચર્ચા વિચારણા કરીને ભાવી રણનીતિ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ બેઠકમાં આગામી દિવસોમાં રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવનારા કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી સહીતના કાર્યક્રમોને સફળ બનાવવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે.

આ બેઠક શરૂ થઈ તે પહેલા ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામ અંગે પત્રકારોએ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં પ્રદેશ ભાજપ પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૧૬મીએ પરિણામો આવ્યા બાદ ૧૭મીએ ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ગુજરાતમાં નરેન્દ્ર મોદીના ઉત્તરાધીકારીના નામ અંગેનો નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત તેમણે એવો પણ સંકેત આપ્યો હતો કે જે કોઈ પણ મુખ્યમંત્રી તરીકેનું નામ પસંદ કરવામાં આવશે તે ધારાસભ્યમાંથી જ હશે.

# મહુવામાં છઠ્ઠા સદ્ભાવના પર્વનું આયોજન

## કવિ-નાટ્યકાર સૌમ્ય જોશી અને પત્રકાર-ગાંધી વિચારક કુમાર પ્રશાંતને સદ્ભાવના એવોર્ડ અપાશે : સમાજમાં સંવાદ દ્વારા સંવાદિતતાનું વાતાવરણ રચાય તે માટે પ્રયાસ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

સદ્ભાવના ફોરમ દ્વારા મહુવાના કૈલાસ ગુરુકુલ ખાતે તા. ૬ઠ્ઠી જુનથી તા. ૮મી જુન દરમ્યાન સદ્ભાવના પર્વ-૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ પર્વમાં સંવાદી સમાજનું નિર્માણ કાર્યક્રમ હેઠળ અને વિખ્યાત સાહિત્યકારો, પત્રકારો, વિજ્ઞાનીઓ અને વિચારકો ઉપરાંત કલાકારો દ્વારા વિવિધ સંવાદ યોજવામાં આવશે. અંતિમ દિવસે કવિ સૌમ્ય જોશી અને પત્રકાર કુમાર પ્રશાંતને સદ્ભાવના એવોર્ડ અર્પણ કરાશે.

ભાવનગર જિલ્લાના મહુવા ખાતે આવેલ કૈલાસ ગુરુકુલ ખાતે યોજાનાર આ છઠ્ઠા સદ્ભાવના પર્વમાં ત્રણ દિવસ દરમ્યાન સાત બેઠક યોજાશે. દરરોજ દિવસે પહેલી બેઠક સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન, બીજી બેઠક બપોરના ૩.૩૦ થી ૬.૩૦ વાગ્યા દરમ્યાન અને ત્રીજી બેઠક રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. પ્રથમ દિવસે પહેલી બેઠકમાં તુલા-સંજય દ્વારા કાર્યક્રમની ભૂમિકા રજૂ કરાયા બાદ જાણીતા ખગોળ વિજ્ઞાની ડૉ. પંકજ જોશી 'બ્રહ્માંડની સંવાદિતા' વિશે અને ત્યારબાદ સુપ્રપ્રસિદ્ધ પત્રકાર અને વિશ્લેષક સુધીર કુલકર્ણી 'વૈશ્વિક સંવાદિતા' અંગે તેમના વિચારો રજૂ કરશે. બીજી બેઠકમાં જાણીતા પીઠ રાજકીય સમીક્ષક નગીનદાસ સંઘવી ભારતીય સમાજ અને સંવાદિતા પર પ્રકાશ પાડશે. ત્યાર પછી કલા, સાહિત્ય અને સંસ્કૃતિના મર્મજ્ઞ અને હિન્દી સાહિત્યના પ્રમુખ લેખિકા નસીરા શર્મા પણ આજ વિષયે તેમનો સંવાદ રજૂ કરશે. પ્રથમ દિવસની છેલ્લી બેઠકમાં રાત્રે નિરંજન, રાજ્યગુરૂ અને દલપત પઢિયાર કબીર વાણી અંગે વિસ્તૃત સમજ આપશે.

બીજા દિવસે તા. ૭મી જૂને સવારે પ્રથમ બેઠકમાં જાણીતા ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર અને કલાકાર શબનમ વિરમાણી 'કબીર અને સંવાદી સમાજ' વિષયે તેમના વિચારો રજૂ કરશે. ત્યારબાદ સુખ્યાત પત્રકાર અને ગાંધી વિચારક કુમાર પ્રશાંત 'ગાંધી અને સંવાદી સમાજ'ની પરિકલ્પના તાદશ્ય કરશે. બીજી બેઠકમાં બપોરે કલા સમીક્ષક એસ્થર ડેવિડ 'કલા અને સંવાદી સમાજ' વિષય પર અને સાહિત્યકાર, કલા શિક્ષક તેમજ નર્મદા પદયાત્રી એવા અમૃતલાલ વેગડ 'નર્મદાની સંસ્કૃતિ અને સંવાદિતા' વિષે વિચારો રજૂ કરશે. સાંજે ત્રીજી બેઠકમાં ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા સચ્ચિદાનંદ સન્માન અર્પણ કાર્યક્રમ યોજાશે.

સદ્ભાવના ફોરમ-૬ના અંતિમ દિવસે સવારે ૯ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન ફોરમની અંતિમ બેઠક યોજાશે. જેમાં ફોરમના ભાવિ આયોજનની ચર્ચા બાદ સદ્ભાવના એવોર્ડ વિતરણ કરાશે. વર્ષ ૨૦૧૪ માટે ગુજરાત કાર્યક્ષેત્રમાં સંવેદનશીલ નાટ્યકાર સૌમ્ય જોશી અને કાર્યક્ષેત્ર ભારત માટે સુખ્યાત પત્રકાર અને ગાંધી વિચારક કુમાર પ્રશાંતને સદ્ભાવના એવોર્ડ અર્પણ કરાશે. કાર્યક્રમના અંતમાં ગુજરાતની વૈશ્વિક ઓળખ સમા જાણીતા કથાકાર પૂ. મોરારીબાપુ સમાપન વ્યાખ્યાન આપી સદ્ભાવના પર્વ-૬નું સમાપન કરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે સદ્ભાવના ફોરમનું ગઠન મે-૨૦૦૮માં પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં મળેલા ગુજરાતના જુદા જુદા ક્ષેત્રોના વિચારશીલ અને સંવેદનશીલ સાથીઓના અહિંસા-શાંતિ અને કોમી સંવાદિતતા સંદર્ભે કરાયેલા સહચિંતનના ફળ સ્વરૂપે થયું હતું. આ ફોરમ દ્વારા સમાજમાં સંવાદ દ્વારા સંવાદિતતાનું વાતાવરણ રચાય એ ધ્યેય લઈને સદ્ભાવનાના પ્રચારનું કાર્ય વધારે વિશાળ ફલક પર ગોઠવાય તે માટે દર વર્ષે સદ્ભાવના પર્વનું આયોજન કરવામાં આવે છે.

## શબ્દાવલી - ૫૩૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ■ | |
| | ■ | ■ | ૯ | | | ■ | |
| ૧૦ | | ■ | | ■ | ■ | ૧૧ | |
| ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ૧૪ | | | | ■ | ૧૫ | | ૧૬ |
| | ■ | ૧૭ | | ■ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ■ | |

### આડી ચાવી

૧. કદરૂપુ, ખરાબ દેખાવવાળુ(૩)
૪. જેને દેહ કે શરીર હોય તેવું (૪)
૭. સુંદર, સ્વરૂપવાન (૩)
૮. રહે, વસવાટ કર (૨)
૯. કમાવું (૩)
૧૦. ૩ની સંખ્યા શબ્દોમાં (૨)
૧૧. એક કઠોળ, ઘોડાનો પ્રિય ખોરાક (૨)
૧૨. ગાજર, માંડણી, ઉભણી(૨)
૧૩. મજા, ખાવાનું (૨)
૧૪. સારું-નરસું (૪)
૧૫. દુ:ખની કરૂણ ચીસ (૩)
૧૭. કાર્ય, કાજ (૩)
૧૮. લજ્જા, લાજ (૩)
૧૯. વિસ્તાર, લંબાઇ-પહોળાઇ વગેરેનું માપ (૨)
૨૦. ફેણનું ઊંધુ (૨)

### ઊભી ચાવી

૧. મહાભારતના યુદ્ધનું મેદાન (૪)
૨. એક ધાતુ, ચાંદીનું, ...નું(૨)
૩. બરણી કે કેનમાંથી ઘી-તેલ વગેરે પ્રવાહી કાઢવાનું ધાતુનું વાસણ (૨)
૪. ચર્ચ, ખ્રિસ્તીનું ધર્મસ્થાન(૩)
૫. મુસ્કુરાવું (૩)
૬. મનાવણાનું વિરોધી (૪)
૯. આડુઅવળુ, જેમતેમ (૬)
૧૧. કરામત, અલૌકિક ક્રિયા(૪)
૧૨. પ્રિયતમા, પ્રિયા (૩)
૧૩. દિવાસળીની પેટી (૩)
૧૪. તુચ્છ (૩)
૧૬. ખેલ (૩)

### શબ્દાવલી ૫૩૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેકરી (૩) સફળતા (૫) ધરાહાર (૬) રસમ (૮) યજમાન (૧૧) કામી (૧૨) માતા (૧૩) સુજ (૧૪) રીયાઝ (૧૫) ઝામર (૧૬) નાપાક (૨૦) હળવદ (૨૨) નકટો
**ઊભી ચાવી :-** (૧) બેદરકારી (૨) રીધમ (૩) સહાયતા (૪) ફરજ (૭) સમીયાણો (૯) માસુમ (૧૦) નજરકેદ (૧૫) ઝાકળ (૧૭) પાહટો (૧૮) ભાળ (૧૯) બેન (૨૧) વગ

# અમદાવાદમાં સાંજે પવનની સાથે આંધી : તાપમાન ઘટ્યું

## અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૬ : ઘણી જગ્યાએ વરસાદી ઝાપટા પડવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા.૧૩

ગુજરાત પ્રદેશ ઉપર નીચલી સપાટી ઉપર ફુંકાઈ રહેલા પશ્ચિમી પવનોના પરિણામ સ્વરુપે આજે સાંજે એકાએક વાદળ છાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ઘણી જગ્યાઓએ વરસાદી ઝાપટા પડવાના સમાચાર મળ્યા છે. હવામાન વિભાગે ગુજરાત માટેની આગાહીમાં જણાવ્યું છે કે, કેટલીક જગ્યાઓએ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા થઈ શકે છે.

તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે. તાજેતરમાં જ પારો ૪૨થી ઉપર પહોંચ્યો હતો પરંતુ હવે ફરીવાર પારો ગગડી ગયો છે. આજે અમદાવાદમાં તાપમાન ૩૯.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં ૩૮.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આજે રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ભાવનગરમાં ૪૦.૮ ડિગ્રી રહ્યું હતું. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સતત ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી કાળઝાળ ગરમીના કારણે બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ બની જાય છે. વાહનનો અવર જવર પણ ઓછી જોવા મળી રહી છે. આ વખતે હવામાનમાં વારંવાર પલટો આવ્યો છે.

અમદાવાદમાં આજે સાંજે પ્રચંડ પવન ફૂંકાયો હતો. આંધી જેવી સ્થિતિ સર્જાઈ હતી. ધુળભરેલી આંધીના કારણે વાહન ચાલકોને હેરાનગતીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક લોકોએ કહ્યું છે કે, હળવા વરસાદી છાંટા પણ કેટલાક વિસ્તારમાં પડ્યા હતા. યુનિવર્સિટી વિસ્તારમાં બપોરના ગાળામાં છાંટા પડ્યા હતા.

## તકરાર થતાં પ્રેમીએ બ્રીજથી પડતું મુક્યું

મોંઘવારીના મારે.... તો ક્યારેક બેકારી....ના લીધે તો વળી ક્યારેક પ્રેમમાં નિષ્ફળ જવાથી આજ કાલના યુવાનો આપઘાત કરવાના રવાડે ચડી લાગી રહ્યું છે. અમદાવાદના ઈન્કમટેક્ષના ગાંધીબ્રીજ પરથી આજે એક ૩૦ વર્ષીય યુવકે છલાંગ લગાવી જીવન ટુકાવ્યુંહતું. જેમ આબુને હનિમુન પોઈન્ટ ગણવામાં આવે છે તેમ અમદાવાદની સાબરમતી નદીને આપઘાત કરવા માટેની કેન્દ્ર બિંદુ બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

# સુરેન્દ્રનગરના લાંચિયા હેડ કોન્સ્ટેબલની ધરપકડ થઈ

## સુરેન્દ્રનગરમાં એસઓજીએ અગાઉ રૂપિયા ૫૬ હજારની કિંમતના નકલી ગુટખા પકડ્યા હતા : પોલીસ દ્વારા તપાસ

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરોએ સુરેન્દ્રનગરના લાંચિયા હેડ કોન્સ્ટેબલની ધરપકડ કરીને અમદાવાદમાં ગોઠવાયેલ લાંચના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સુત્રોં દ્વારા મળતી વિગત અનુસાર, સુરેન્દ્રનગર એસઓજીએ અગાઉ પણ ૫૬ હજારની કિંમતના નકલી ગુટખા પકડ્યા હતા. આ મામલામાં તપાસ હાથ ધરતા તેમાં અમદાવાદના વેપારી સુનીલ જૈનની સંડોવણી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ એસઓજીના હેડ કોન્સ્ટેબલ જીતુ પરમાર સહિતના સ્ટાફના માણસોએ ભારે મહેનત બાદ સુનીલ જૈનનું મોબાઈલ દ્વારા લોકેશન ટ્રેસ કરી તેને શાહીબાગ પકડી પાડ્યો હતો અને ત્યાં સુનીલને કેસમાં ન પકડાવવું હોય તો એક કરોડ રૂપિયાની માંગણી પોલીસે કરી હતી.

લાંબી રકજક બાદ આ સોદો છ લાખમાં નક્કી કરાયો હતો અને સુનીલે પોલીસને તાત્કાલિક ધોરણે એક લાખની રકમ આપી હતી. બાકીની રકમ સોમવારના રોજ આપવાનું નક્કી થયું હતું. આ ઉપરાંત શનિ-રવિએ પણ હેડકોન્સ્ટેબલે વારંવાર સુનીલને લાંચની ઉઘરાણી માટે ફોન કર્યા હતા. પોતે સોમવારે પૈસા લેવા આવે છે તેમ પોલીસે જણાવ્યું હતું. ત્યારબાદ વેપારી સુનીલભાઈએ તેની પાસે સાડા પાંચ લાખ નહીં પણ માત્ર ત્રણ લાખની વ્યવસ્થા થઈ હોવાનું પોલીસને જણાવ્યું હતું. બાદમાં હેડ કોન્સ્ટેબલે સીજીરોડ સ્થિત માધવ કોમ્પલેકસમાં તેના પરિચીતની ઓફિસે પૈસા આપી દેવા સુનીલે જણાવ્યું હતું. તે પહેલાં જ સુનિલે આ સમગ્ર મામલાની એસીબીએ જાણ કરી હતી. ત્યારબાદ એસીબીએ છટકુ ગોઠવીને લાંચ લેતા પકડી પાડીને લાંચિયા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

# ટોયોટા કિર્લોસ્કર મોટર રજૂ કરે છે પોતાની સૌપ્રથમ ક્રોસઓવર-નવી ઈટીઓસ ક્રોસ





ટોયોટા કિર્લોસ્કર મોટર પ્રા.લિ. (ટીકેએમ) દ્વારા તા. ૭ મેના રોજ નવી ઈટીઓસ ક્રોસ વેચાણ માટે બજારમાં મુકાઈ. આ નવી કાર ફેબ્રુઆરી માસમાં ગ્રેટર નોઈડા ખાતે ૧૨મા ઓટો એક્ષ્પોમાં પ્રદર્શિત કરાયેલ. ઈટીઓસના વર્તમાન મોડલ્સ- ઈટીઓસ અને લીવા સાથે તેના પરિવારમાં નવી ઈટીઓસ ક્રોસનો ઉમેરો થયો છે.

આ કાર સૌ પ્રથમ બ્રાઝિલમાં રજૂઆત કરાઈ હતી, જે ખૂબ જ લોકપ્રિય સાબિત થઈ હતી. જેથી હવે આ નવી ઈટીઓસ ક્રોસને પણ ભારતમાંથી એકસપોર્ટ કરવામાં આવશે.

આ નવી ઈટીઓસ ક્રોસ એસયુવી જેવા ખડતલ દેખાવ ધરાવતા સાથે સરળ ડ્રાઈવ, બળતણ ક્ષમતા અને સુશોભિત છે. કારની અદ્ભુત સ્ટાઈલ ગ્રાહકોને એક અનોખી કાર હોવાની અનુભૂતિ કરાવે છે. બહારથી નાની દેખાતી અને અંદરના ભાગે મોકળાશ ધરાવતી જગ્યા સાથેની ઈટીઓસ ક્રોસ ગ્રામ્ય વપરાશ માટે શ્રેષ્ઠ હોવા સાથે સરળ પાર્કિંગ અને ડ્રાઈવીંગ સુવિધા ધરાવે છે. આ સેગ્મેન્ટમાં ગ્રાહકો દ્વારા થતી પ્રેકટીકલ, ટીપીકલ માગણી સહિતની સ્ટાઈલનો અસરકારક રીતે સમન્વય કરાયો છે. ત્રણ પાવરફુલ એન્જિન વિકલ્પ સાથે ઉપલબ્ધ છે. જેમાં પેટ્રોલ એન્જિનમાં ૧.૫ લીટર અને ૧.૨ લીટર તેમજ ડીઝલ એન્જિન ૧.૪ લીટર ડી-૪ડી નો સમાવેશ થાય છે. ટોયોટાનું આ નવું ક્રોસઓવર ઉત્સાહી પરિસ્થિતિ ધરાવવા સાથે ખડતલ છે.

## વિજયી બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મધ્યપ્રદેશમાં સુષ્મા સ્વરાજનો વિજય તો ગુનામાં કોંગીના જ્યોતિરાદત્ય સિંધીયાનો પરાજય થતો હોવાનું આ એક્ઝીટ પોલમાં દર્શાવાયું છે.

બેંગ્લોરની સીટ પર નંદન નિલેકણીનો પણ પરાજય અને શિવગંગાની બેઠક પર ચૂંટણી લડતા કોંગીના કાર્તિક ચિદમ્બરનો પરાજય થતો હોવાનું એક્ઝીટ પોલમાં દર્શાવાયું છે.

ઉત્તરપ્રદેશની મેનપુરી બેઠક પર મુલાયમસિંહ યાદવનો વિજય નિશ્ચિત હોવાનું દર્શાવાયુ છે.

નાગપુરની બેઠક પર ભાજપના શ્રી નિતીન ગડકરીનો વિજય દર્શાવાયો છે. મુંબઈ પ્રિયા દત્તને પુનઃ વિજય બનતા દર્શાવાયા છે.

## ગાંધીનગર આવી રહ્યા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટનગરમાં રાજકીય માહોલ વધુ ગરમાયો છે. જોકે પક્ષના મહામંત્રીશ્રી ઓમ માથુર ગુજરાતમાં જ છે. ટુંકમાં હજુ બે દિવસ સુધી ભાજપના તમામ વરિષ્ઠો ગુજરાતમાં ડેરા તંબુ તાણે તેવી શક્યતાઓ છે.

ભાજપના નેતાઓની આ મુલાકાત નવી કેન્દ્ર સરકારના જન્માક્ષર લખશે. ગુજરાતની નવી સરકારની રચનાને લઈ પણ આ નેતાઓમાં ચર્ચા થવાની શક્યતાઓ છે.

## તાળુ મારી દેવાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત પથિકાશ્રમ એસ.ટી. ડેપોમાં મુસાફરોને ખાણી-પીણીની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે કેન્ટીન સેવા ઉપલબ્ધ કરવામાં આવી હતી. આ કેન્ટીનને એસ.ટી.તંત્ર દ્વારા ભાડેથી ફાળવવામાં આવી હતી. પરંતુ છેલ્લા સાત-આઠ મહિનાથી કેન્ટીનના સંચાલક દ્વારા કેન્ટીનનું ભાડુ ન ચુકવાતુ હોવાની ફરિયાદ ઉઠતા એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કેન્ટીનને આખરે બંધ કરાવી દેવાઈ છે. પ્રતિમાસ ભાડા પેટે એસ.ટી. તંત્ર દ્વારા રૂ. ૭૦ હજાર વસુલવામાં આવતા હતા. છેલ્લા કેટલાક સમયથી આ કેન્ટીનમાં ગ્રાહકો પાસે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી પર એમ.આર.પી. કરતા વધુ રકમ વસુલવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી હતી. વધુમાં કેન્ટીમાં સવારે અને સાંજના સમયે અસામાજિક પ્રવૃત્તિઓ થતી હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો હતો. જો કે નિયમિત ભાડુ ન ચુકવવા બદલ એસ.ટી. તંત્ર દ્વારા કેન્ટીનને તાળુ મરાવી દેવાયું છે.